# ગુજરાત જાહેર સેવા આયોગ

**જાહેરાત ક્રમાંકઃ[૯૪]:** ગુજરાત સરકારના સચિવાલયના વિભાગો અને મહેસુલ વિભાગ હસ્તકની નીચે દર્શાવેલ વર્ગ-૩ની જગ્યાઓ પર ઉમેદવારો પસંદ કરવા માટે On line અરજીઓ મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે http://ojas.guj.nic.in પર **તા.૧૧-૧૦-૨૦૧૧ (બપોરના ૧૫-૦૦ કલાકથી) થી તા.૨૫-૧૦-૨૦૧૧ (બપોરના ૧૫-૦૦ કલાક સુધી) દરમ્યાન અરજી કરવાની રહેશે.** ઉમેદવારે અરજી કરતાં પહેલાં તાજેતરનો Photograph (10 k.b.) અને Signature (10.k.b.) સાઈઝથી વધારે નહિ તે રીતે JPG Formate માં Scan કરી તેમજ પોતાના બધાજ પ્રમાણપત્રો પોતાની પાસે તૈયાર રાખવાના રહેશે અને અરજીપત્રકમાં વિગતો ભરતી વખતે ધ્યાને લેવાના રહેશે. પસંદગીની પ્રક્રિયા માટે સંયુકત સ્પર્ધાત્મક પરીક્ષા યોજવામાં આવશે. આ સંદર્ભે આપેલ મોબાઈલ નંબર ઉપર આયોગ દ્વારા SMS થી જાણ કરવામાં આવશે. આથી અરજી પત્રકમાં જણાવેલ કોલમમાં મોબાઈલ નંબર અવશ્ય દર્શાવવો.

| જગ્યાનું નામ | કુલ જગ્યા | કક્ષાવાર જગ્યાઓ | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી,મહિલા ઉમેદવાર માટે અનામત રાખવામાં આવેલ જગ્યાઓ | | | | કુલ જગ્યાઓ પૈકી P.H.અને માજી સૈનિક માટે અનામત | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | બિનઅનામત (સામાન્ય) | સા.શૈ. પ.વર્ગ | અનુ. જાતિ | અનુ. જનજાતિ | બિનઅનામત (સામાન્ય) | સા.શૈ. પ.વર્ગ | અનુ. જાતિ | અનુ. જનજાતિ | P.H. | માજી સૈનિક |
| નાયબ સેકશન અધિકારી (સચિવાલય) | ૮૨ | ૪૨ | ૨૨ | ૦૬ | ૧૨ | ૧૨ | ૦૬ | ૦૨ | ૦૪ | ૦૪ | ૦૮ |
| નાયબ મામલતદાર (મહેસુલ વિભાગ) | ૧૬૪ | ૯૩ | ૪૪ | ૧૨ | ૧૫ | ૨૨ | ૦૮ | ૦૦ | ૦૦ | ૦૪ | ૧૧ |
| કુલ | ૨૪૬ | ૧૩૫ | ૬૬ | ૧૮ | ૨૭ | ૩૪ | ૧૪ | ૦૨ | ૦૪ | ૦૮ | ૧૯ |

ઉપરોક્ત જગ્યાઓમાં ગુજરાત જાહેર સેવા આયોગ ખાતે નાયબ સેકશન અધિકારીની કેટલીક જગ્યાઓ આ જાહેરાતમાં સમાવિષ્ટ કરી ભરવાની બાબત વિચારણા હેઠળ છે. આ અંગે આખરી નિર્ણય થયે કુલ જગ્યાઓની સંખ્યામાં તેટલો ઉમેરો થશે.

**નોંધ :-** ૧. નાયબ સેકશન અધિકારી સંવર્ગમાં (૧) અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિની ખામીવાળા ૪૦ ટકા કે તેથી વધુ અને ૭૫ ટકાથી ઓછી વિકલાંગતા એટલે કે મોડરેટ કક્ષા સુધી વિકલાંગતા ધરાવતા ઉમેદવારો માટે ૨ (બે) જગ્યા તથા (૨) શ્રવણની ખામીવાળા ૪૦ ટકા કે તેથી વધુ અને ૭૫ ટકાથી ઓછી વિકલાંગતા એટલે કે મોડરેટ કક્ષા સુધી વિકલાંગતા ધરાવતા ઉમેદવારો માટે ૦૧(એક) જગ્યા અનામત છે. (૩) હલનચલનની વિકલાંગતા અથવા મગજના લકવાની વિકલાંગતાવાળા ઉમેદવારો માટે ૦૧ (એક) જગ્યા અનામત છે. ૨. (૧) નાયબ મામલતદાર સંવર્ગમાં અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિની એટલે ૪૦ ટકા કે તેથી વધુ અને ૭૫ ટકાથી ઓછી વિકલાંગતા એટલે કે મોડરેટ કક્ષા સુધી વિકલાંગતા ધરાવતા ઉમેદવારો માટે જ ૦૪(ચાર) જગ્યા અનામત છે, પરંતુ જો આ કેટેગરીના ઉમેદવારો ઉપલબ્ધ થશે નહિ અથવા તો ઓછા ઉમેદવારો ઉપલબ્ધ થશે તો તેટલી ખૂટતી જગ્યાઓ અનુક્રમે શ્રવણની ખામી મોડરેટ કક્ષા સુધી એટલે કે ૪૦ ટકા કે તેથી વધુ અને ૭૫ ટકાથી ઓછી વિકલાંગતા ધરાવતા ઉમેદવારોથી અને જો શ્રવણની ખામીવાળા ઉમેદવારો પણ ઉપલબ્ધ ન થાય તો હલનચલનની વિકલાંગતા અથવા મગજના લકવાની વિકલાંગતા ધરાવતા ઉમેદવારોથી, તેમની યોગ્યતાને આધીન ભરવામાં આવશે. ૨. (૨) નાયબ સેકશન અધિકારી અને નાયબ મામલતદારની જગ્યા માટે અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિની એટલે ૪૦ ટકા કે તેથી વધુ અને ૭૫ ટકાથી ઓછી વિકલાંગતા મોડરેટ કક્ષા સુધી વિકલાંગતા ધરાવતા ઉમેદવારો, શ્રવણની ખામી મોડરેટ કક્ષા સુધી એટલે કે ૪૦ ટકા કે તેથી વધુ અને ૭૫ ટકાથી ઓછી વિકલાંગતા ધરાવતા ઉમેદવારો અને હલનચલનની વિકલાંગતા અથવા મગજના લકવાની વિકલાંગતા ધરાવતા ઉમેદવારો આમ ત્રણેય ઉમેદવાર અરજી કરી શકશે. ૨. (૩) નાયબ સેકશન અધિકારી અને નાયબ મામલતદારની જગ્યાએ પસંદગી માટે ઉપર દર્શાવ્યા મુજબ અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિની એટલે ૪૦ ટકા કે તેથી વધુ અને ૭૫ ટકાથી ઓછી વિકલાંગતા મોડરેટ કક્ષા સુધી વિકલાંગતા ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થશે નહિ અથવા તો ઓછા ઉમેદવારો ઉપલબ્ધ થશે તો તેટલી ખૂટતી જગ્યાઓ અનુક્રમે શ્રવણની ખામી મોડરેટ કક્ષા સુધી એટલે કે ૪૦ ટકા કે તેથી વધુ અને ૭૫ ટકાથી ઓછી વિકલાંગતા ધરાવતા ઉમેદવારોથી અને જો શ્રવણની ખામીવાળા ઉમેદવારો પણ ઉપલબ્ધ ન થાય તો હલનચલનની વિકલાંગતા અથવા મગજના લકવાની વિકલાંગતા ધરાવતા ઉમેદવારોથી તેમની યોગ્યતાને આધીન ભરવામાં આવશે. ૨.(૪) OA(One arm), OL(One Leg), BL(Both Legs), OAL(One arm and One Leg), BLV(Blind Low Vision), HH(Hearing Handicapped) કેટેગરીના અશકત (Disabled)વ્યક્તિઓ નાયબ સેકશન અધિકારી / નાયબ મામલતદારની અનામત જગ્યા માટે વિચારણામાંલેવામાં આવશે અને આવા જ ઉમેદવારો નાયબ સેકશન અધિકારી તેમજ નાયબ મામલતદારની જાહેરાત માટે અરજી કરવા પાત્ર છે. ૨.(૫) વિકલાંગ ઉમેદવારોએ સા.વ.વિ.ના તા.૧/૧૨/૨૦૦૮ના પરિપત્ર ક્ર:પરચ/૧૦૨૦૦૮/૪૬૯૫૪૦/ગ.૨ થી નિયત થયેલ સુપ્રિન્ટેન્ડન્ટ / સિવિલ સર્જનના તબીબી પ્રમાણપત્રને આધીન રહીને ઉપલી વયમર્યાદામાં ૧૦ વર્ષની છૂટછાટ મળશે. ૨.(૬) **શારિરીક અશકતતા ધરાવતા ઉમેદવારોએ Online ફોર્મમાં Personal Details માં પોતાની અશકતતાની ટકાવારી દર્શાવવાની રહેશે.** ૩. મહિલાઓ માટે અનામત જગ્યાઓ ઉપર મહિલા ઉમેદવારો ઉપલબ્ધ નહિ થાય તો આ જગ્યાઓ સંબંધિત કેટેગરીના પુરૂષ ઉમેદવારોને ફાળવવામાં આવશે. ૪. શારીરિક રીતે અશક્ત તથા માજી સૈનિક માટે અનામત જગ્યાઓ ઉપર જે ઉમેદવાર પસંદગી પામશે તેઓ પોતે જે કેટેગરીના ઉમેદવાર હશે તે કેટેગરીના ગણવામાં આવશે.

૧. <u>લાયકાત</u> :- ૧.(૧) ઉમેદવાર ભારતની સંસદ કે રાજ્ય વિધાનસભાના કાયદા હેઠળ સ્થાપિત કોઈપણ યુનિ.કે સંસદના એકટ દ્વારા સ્થાપિત શૈક્ષણિક સંસ્થા અથવા યુ.જી.સી. એકટ-૧૯૫૬ના સેકશન-૩ હેઠળ યુનિ. તરીકે સ્થાપિત થયેલ શૈક્ષણિક સંસ્થાની સ્નાતકની પદવી કે તેને સમકક્ષ શૈક્ષણિક લાયકાત ધરાવતા હોવા જોઈએ. ૧.(૨) ઉપરની જાહેરાતના સંબંધમાં પસંદ થયેલા ઉમેદવારોએ આખરી નિમણૂક પત્ર મેળવતાં પહેલા ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો,૧૯૬૭ના નિયમ-૮(૧એ) ની જોગવાઈ મુજબ કોમ્પ્યુટરનું બેઝીક નોલેજ ધરાવતા હોવાનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩-૮-૨૦૦૮ના ઠરાવ ક્ર:સીઆરઆર-૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-ગ.૫ સાથેના પત્રક-૧માં દર્શાવેલ અભ્યાસક્રમને કોમ્પ્યુટરના બેઝીક નોલેજ તરીકે જાહેર કરેલ છે. આ અભ્યાસક્રમ મુજબનું કોમ્પ્યુટર વિષયની જાણકારી અંગેનું કોઈપણ સંસ્થાનું પ્રમાણપત્ર માન્ય રહેશે. વધુમાં, માન્ય યુનિ. અથવા સરકાર દ્વારા માન્ય સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઈપણ ડિપ્લોમા, ડીગ્રી કે સર્ટીફીકેટ કોર્ષ કરેલ હોય તો તેવા પ્રમાણપત્રો અથવા ડીગ્રી કે ડિપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તો તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષાં કોમ્પ્યુટરના વિષય સાથે પસાર કરેલ હોય તેવા પ્રમાણપત્રો માન્ય રહેશે. આ પ્રકારની લાયકાત નહિ ધરાવનાર ઉમેદવાર નિમણૂકને પાત્ર બનશે નહિ. ૧.(૩) ગુજરાતી અને / અથવા હિન્દીનું પર્યાપ્ત જ્ઞાન ધરાવતા હોવા જોઈએ.

૨. <u>પગાર ધોરણ</u> :- ઉમેદવારને નાયબ સેકશન અધિકારી અને નાયબ મામલતદારની જગ્યાના ભરતી નિયમોની જોગવાઈઓ અને સામાન્ય વહીવટ વિભાગના તા.૨૩-૧-૨૦૦૯ના ઠરાવ ક્ર:ભરત/૧૦૨૦૦૬/૧૩૧/ક તથા સામાન્ય વહીવટ વિભાગના તા.૪-૬-૨૦૦૯ના ઠરાવ ક્ર:સીઆરઆર-૧૧/૨૦૦૮/૪૩૩૭૧/ગ.૫ થી સીધી ભરતીથી કરાર આધારે ફીક્સ પગારથી નિમણૂક મેળવનાર ઉમેદવાર માટે બહાર પડાયેલ સેવાની શરતો અને બોલીઓ તથા ત્યારબાદ તેમાં કરાયેલા સુધારા-વધારા અને હવે પછી બહાર પડનાર સુધારાઓને આધીન શરૂઆતના તબક્કે રૂા.૧૦,૦૦૦/- ના માસિક ફીક્સ પગારથી પાંચ વર્ષ માટે નિમણૂક આપવામાં આવશે. શરતો અને બોલીઓ આયોગના નોટીસ બોર્ડ ઉપર તેમજ વેબસાઈટ **www.gpsc.gujarat.gov.in** ઉપર મૂકવામાં આવેલ છે. ઉમેદવારે પાંચ વર્ષની સંતોષકારક સેવા પૂર્ણ કર્યાની ખાતરી થયા બાદ ઉપરોકત જાહેરનામા/ઠરાવની જોગવાઈઓને આધિન નાયબ સેકશન અધિકારીના પગાર ધોરણ રૂા.૯૩૦૦-૩૪૮૦૦ વત્તા ગ્રેડ પે રૂા.૪૪૦૦/- અને નાયબ મામલતદારના પગાર ધોરણ રૂા.૯૩૦૦-૩૪૮૦૦ વત્તા ગ્રેડ પે રૂા.૪૪૦૦/- ના નિયમિત પગાર ધોરણમાં નિમણૂક મળવાપાત્ર થશે.

૩. <u>ઉંમર</u> :- અરજીપત્રક સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ઉમેદવારે ૨૦ વર્ષ પુરા કરેલા અને ૨૮ વર્ષ પુરા કરેલા ન હોવા જોઈએ. ઉંમર અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે. ઉપલી વયમર્યાદામાં નીચે મુજબની છૂટછાટ મળવાપાત્ર છે. ૩.(૧) મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ,અનુ.જનજાતિ અને સા.અને શૈ.પ.વર્ગના ફકત પુરૂષ ઉમેદવાર -પાંચ વર્ષ, ૩.(૨)બિન અનામત વર્ગોના મહિલા ઉમેદવાર -પાંચ વર્ષ, ૩.(૩) મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુ.જનજાતિ અને સા.અને શૈ.પ.વર્ગના મહિલા ઉમેદવાર -દશ વર્ષ (આ છૂટછાટમાં, મહિલા માટેની છૂટછાટ કે જે પાંચ વર્ષની છે, તેનો પણ સમાવેશ થઈ જાય છે)૩.(૪) માજી સૈનિકો, ઈ.સી.ઓ./એસ.એસ.સી.ઓ સહિત - લશ્કરમાં બજાવેલી સેવા ઉપરાંત બીજા ત્રણ વર્ષ, ૩.(૫) અશકત (Disabled)વ્યક્તિઓ -દસ વર્ષ.

૪. <u>અરજી કરવાની રીત</u> :- આ જાહેરાતના સંદર્ભમાં આયોગ દ્વારા ઓન લાઈન અરજી જ સ્વીકારવામાં આવશે. ઉમેદવાર **તા.૧૧-૧૦-૨૦૧૧ થી બપોરે ૧૫-૦૦ કલાક થી તા.૨૫-૧૦-૨૦૧૧ (સમય બપોરના ૧૫.૦૦ કલાક સુધી) દરમ્યાન** http://ojas.guj.nic.in પર અરજીપત્રક ભરી શકશે. **ઉમેદવારે અરજી કરવા માટે નીચે મુજબના Step (૧) થી (૧૧) અનુસરવાના રહેશે. Conformation Number મળ્યા પછી જ અરજી સંપૂર્ણ રીતે ભરાયેલ ગણાશે.** ૪.(૧) સૌ પ્રથમ http://ojas.guj.nic.in પર જવું ૪.(૨) Apply On line Clik કરવું. ૪.(૩) Dy.S.O./Dy.Maml. પર Clik કરવાથી જગ્યાની વિગતો મળશે. ૪.(૪) તેની નીચે Apply Now પર Clik કરવાથી Application Format દેખાશે. Application Format માં સૌ પ્રથમ "Personal Details" ઉમેદવારે ભરવી. (અહીં લાલ (★)ફુંદડી નિશાની હોય તેની વિગતો ફરજીયાત ભરવાની રહેશે.) ૪.(૫) Personal Details ભરાયા બાદ Educational details ભરવા માટે Educational Details પર Click કરવું. ૪.(૬) હવે ઉમેદવારે પરીક્ષા કેન્દ્ર (Exam Center) પર Click કરવું. અહીં પોતાના પ્રથમ, દ્વિતિય અને તૃતીય પસંદગીના પરીક્ષા કેન્દ્ર ભરવા. ૪.(૭)**Payment Details ઉપર Click કરવું. ઉમેદવારે કઈ રીતે ફી ભરેલ છે તે દર્શાવવું. Demand Draft દ્વારા કે Indian Postal Order દ્વારા, ત્યારબાદ DD/IPO નો No. લખવો. ત્યાર બાદ Post Office / Bank Name લખવું. ત્યારબાદ Branch વિગત ભરવી તથા તારીખ ભરવી.** ૪.(૮) તેની નીચે Self declaration માં Yes/No પર Click કરવું. ૪.(૯) હવે save પર Click કરવાથી તમારી અરજીનો online સ્વીકાર થશે. અહીં ઉમેદવારનો Application Number generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે અને હવે પછી આ જાહેરાતના સંદર્ભમાં આયોગ સાથે કોઈપણ પત્રવ્યવહારમાં દર્શાવવાનો રહેશે. ૪.(૧૦) હવે પેજના ઉપરના ભાગમાં Upload Photo પર Click કરો અહીં તમારો Application Number Type કરો અને તમારી Birth date type કરો. ત્યારબાદ ok પર Click કરો અહીં Photo અને Signature Upload કરવાના છે. (ફોટાનું માપ ૫ સે.મી.ઉંચાઈ અને ૩.૬ સે.મી.પહોળાઈ અને Signature નું માપ ૨.૫ સે.મી.ઉંચાઈ અને ૭.૫ સે.મી.પહોળાઈ રાખવી) (Photo અને Signature Upload કરવા સૌ પ્રથમ તમારો Photo અને Signature JPG format માં (10 kb) સાઈઝથી વધારે નહી તે રીતે Computer માં હોવા જોઈએ) "Browse" Button પર Click કરો હવે Choose File ના સ્ક્રીનમાંથી જે ફાઈલમાં JPG format માં તમારો Photo Store થયેલ છે તે ફાઈલને Select કરો અને "Open Button"ને Click કરો હવે "Browse" Button ની બાજુમાં "Upload" Button પર Click કરો હવે બાજુમાં તમારો Photo દેખાશે. હવે આ જ રીતે Signature પણ upload કરવાની રહેશે. ૪.(૧૧) હવે પેજના ઉપરના ભાગમાં "Confirm Application" પર Click કરો અને "Application Number" તથા "Birth Date" type કર્યા બાદ Ok પર Click કરવાથી બે (૨) બટન ૧: Application Preview ૨: Confirm Application દેખાશે. ઉમેદવારે Show Application Preview પર Click કરી પોતાની અરજી જોઈ લેવી. અરજીમાં સુધારો કરવાનો જણાય તો Edit Application ઉપર Click કરીને સુધારો કરી લેવો. અરજી Confirm કર્યા પહેલા કોઈપણ પ્રકારનો સુધારો અરજીમાં કરી શકાશે. પરંતુ અરજી Confirm કર્યા બાદ અરજીમાં કોઈપણ સુધારો થઈ શકશે નહિ. જો અરજી સુધારવાની જરૂર ન જણાય તો જ Confirm Application પર

Click કરવું. Confirm Application પર Click કરવાથી ઉમેદવારની અરજીનો આયોગમાં Online સ્વીકાર થઈ જશે. અહીં "Confirmation Number" Generate થશે. જે હવે પછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઈ, ઉમેદવારે સાચવવાનો રહેશે.Confirmation Number સિવાય કોઈપણ પત્રવ્યવહાર કે પરીક્ષાને લગતી કોઈપણ કાર્યવાહી કરી શકાશે નહિ. ૪.(૧૨) હવે Print Application પર Click કરવું અહીં તમારો Confirmation Number ટાઈપ કરવો અને Print પર Click કરી અરજીની નકલ કાઢી સાચવી રાખવી. ૪.(૧૩) અરજીમાં આપેલ મોબાઈલ નંબર ઉપર અરજી Confirm થયેથી તુરત જ આપને SMS મળશે. ઉમેદવારોને જુદા જુદા તબક્કે જાણકારી આપવાની રહેતી હોઈ, ઉમેદવારે મોબાઈલ ફોનનો નંબર અચુક આપવાનો રહેશે અને ઉમેદવારે આપેલ મોબાઈલ નંબર ઉપર આયોગ દ્વારા આ જાહેરાત સંદર્ભે વખતોવખત SMS થી જાણ કરવામાં આવશે.

૫. <u>અરજી ફી</u> :- **<u>૫.(૧) બિન અનામત પુરૂષ/મહિલા ઉમેદવારોએ ફોર્મ ભરતી વખતે તા. ૧૧-૧૦-૨૦૧૧ થી તા.૨૫-૧૦-૨૦૧૧ દરમ્યાન ખરીદેલ તેમજ સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગના નામનો રૂા.૧૦૦/-નો Secretary, Gujarat Public Service Commission, Ahmedabad નામનો રૂા.૧૦૦/-નો ક્રોસ્ડ IPO /DD / Pay Order ની વિગતો Online Form માં ભરવાની રહેશે. અરજી કન્ફર્મ કર્યા પછી અરજી પત્રકની પ્રિન્ટ કાઢી ભારતીય પોષ્ટલ ઓર્ડર/ડીમાન્ડ ડ્રાફટ/Pay Order સાથે આયોગની કચેરીમાં તા.૧૧-૧૧-૨૦૧૧ કચેરી સમય સુધીમાં પહોંચાડવાનું રહેશે. IPO /DD / Pay Order ની પાછળ ઉમેદવારે પોતાનું નામ તથા અરજીનો કન્ફર્મેશન નંબર અવશ્ય દર્શાવવાનો રહેશે. સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગ / અનુ.જાતિ / અનુ.જનજાતિના કિસ્સામાં તેઓએ અરજી કન્ફર્મ કર્યા પછી અરજીપત્રકની પ્રિન્ટ કાઢી સંબંધિત કેટેગરીનું માત્ર જાતિ અંગેનું પ્રમાણપત્ર તથા સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગના કિસ્સામાં ક્રિમિલિયર પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. જો ઉમેદવાર તા. ૧૧-૧૧-૨૦૧૧ કચેરી સમય સુધીમાં પહોંચતું નહિ કરે તેઓને પ્રાથમિક કસોટીમાં બેસવા દેવામાં આવશે નહિ.</u>** ૫.(૨) મૂળ ગુજરાતના અનામત કક્ષાના ઉમેદવારોએ અરજી ફી ભરવાની રહેતી નથી. ૫.(૩) મૂળ ગુજરાતના અનામત કક્ષાના ઉમેદવારો જો બિનઅનામત જગ્યા માટે અરજી કરે તો પણ તેઓએ અરજી ફી ભરવાની રહેતી નથી. ૫.(૪) અશકત (Disabled)વ્યક્તિઓ તથા માજી સૈનિકોએ અરજી ફી ભરવાની રહેતી નથી. ૫.(૫) ફી ભર્યા બાદ રીફંડ મળવાપાત્ર નથી.

૬. <u>સામાન્ય શરતો</u> :- ૬.(૧) જાહેરાતમાં જે કક્ષાના અનામત વર્ગો માટ જગ્યાઓ અનામત છે તે કક્ષાના ઉમેદવારોને જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ મળશે. બધી જ મળવાપાત્ર છૂટછાટ ગણતરીમાં લીધા બાદ વધુમાં વધુ ૪૫ વર્ષની ઉંમર સુધી જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ મળશે. ૬.(૨) અનામત વર્ગોના ઉમેદવારો જો બિનઅનામત જગ્યા માટે અરજી કરશે તો આવા ઉમેદવારોને વય મર્યાદામાં છૂટછાટ મળશે નહિ. ૬.(૩) બિન અનામત તથા અનામત વર્ગોના મહિલા ઉમેદવારોને બધી જ મળવાપાત્ર છૂટછાટ ગણતરીમાં લીધા બાદ વધુમાં વધુ ૪૫ વર્ષની ઉંમર સુધી જ ઉપલી વય મર્યાદામાં છૂટછાટ મળશે. ૬.(૪)(A) **સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૬-૦૨-૧૯૯૬ના ઠરાવથી નિયત થયેલ પરિશિષ્ટ-(ક) તા.૩૧-૦૩-૨૦૧૧ના રોજ પુરા થયેલ ૨૦૧૦-૨૦૧૧ના નાણાકીય વર્ષની આવકને ધ્યાને લઈને, તા.૦૧-૦૪-૨૦૧૧ના રોજથી તા.૨૫-૧૦-૨૦૧૧ સુધી યોગ્ય સત્તાધિકારીએ આપેલ હોવું જોઈએ અને આ પરિશિષ્ટ-(ક) નો નંબર અને તારીખ ઓનલાઈન અરજી વખતે દર્શાવવાનો રહેશે. પરિશિષ્ટ-(ક)ના સ્થાને Annexure-A નું પ્રમાણપત્ર માન્ય ગણાશે નહિ.** (B) પરિણીત મહિલા ઉમેદવારે આવું પ્રમાણપત્ર તેણીના માતા-પિતાની આવકના આધારે રજુ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના આધારે આવું પ્રમાણપત્ર રજુ કરેલ હશે તો તેમની અરજી રદ કરવામાં આવશે. (C) **અરજી સાથે પરિશિષ્ટ-(ક) ને બદલે "Annexure-A"**(અંગ્રેજીમાં) રજુ કરેલ હશે તો પણ આવા ઉમેદવારની અરજી સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગની જગ્યા માટે માન્ય ગણવામાં આવશે નહિ. ૬.(૫) માજી સૈનિકો તથા ઈ.સી.ઓ./એસ.એસ.સી.ઓ. સહિત જેમણે લશ્કરની સેવાઓમાં ઓછામાં ઓછી પાંચ વર્ષની ફરજ બજાવી હોય અને લશ્કરી સેવા માટે શારીરિક અશકતતાના કારણે બરતરફ કે છૂટા કરવાના કારણસર મુદત પૂરી થયેથી (જેમની મુદત છ મહિનામાં પૂરી થવાની હોય તેઓ સહિત) છૂટા થયેલ હોય તેઓને વયમર્યાદામાં છૂટછાટ મળવાપાત્ર થશે. ૬.(૬) મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુ.જનજાતિ અને સા.અને શૈ.પ.વર્ગના ઉમેદવારોને જ અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મળશે. ૬.(૭) અરજી કર્યા બાદ પરત ખેંચી શકાશે નહિ.૬.(૮) ઉમેદવારે અરજીપત્રકમાં કોઈપણ વિગત ખોટી બતાવેલ હશે તો તેનું અરજીપત્રક કોઈપણ તબકકે રદ કરવામાં આવશે તથા તેણે લાયકી ધોરણ (**Passing Standard**)મેળવેલ હશે કે ઉમેદવાર પસંદગી પામેલ હશે તો પણ તેની ઉમેદવારી રદ ગણાશે. ૬.(૯) એક જાહેરાત માટે જો એક થી વધુ અરજી કરેલ હશે તો તેવા ઉમેદવારની એક પણ અરજી વિચારણામાં લેવામાં આવશે નહિ. ૬.(૧૦) સરકારના પ્રવર્તમાન નિયમો અનુસાર વિધવા મહિલા ઉમેદવારો માટે પસંદગીમાં અગ્રતા આપવા માટે તેમને મળેલ કુલ ગુણના ૫ (પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે. પરંતુ તેઓએ ભરતી તથા નિમણૂક સમયે પુનઃલગ્ન કરેલ ન હોવા જોઈએ. ઉપરાંત આયોગની કચેરી માંગે ત્યારે તેના તમામ પુરાવાઓ અસલમાં આયોગની કચેરીમાં રજુ કરવાના રહેશે. ૬.(૧૧) એથલેટિકસ (ટ્રેક અને ફિલ્ડ રમતો સહિત), બેડમિન્ટન, બાસ્કેટબોલ, ક્રિકેટ,ફૂટબોલ, હોકી, સ્વિમીંગ, ટેબલ ટેનિસ, વોલીબોલ, ટેનિસ, વેઈટલિફટીંગ, રેસલિંગ, બોકસિંગ, સાઈકલિંગ, જીમનેસ્ટિક, જુડો, રાઈફલશુટિંગ, કબડ્ડી, ખોખો, તીરંદાજી, ઘોડેસવારી, ગોળાફેંક, નૌકાસ્પર્ધા, શતરંજની રમતો-ખેલકૂદમાં રાષ્ટ્રીય/આંતરરાષ્ટ્રીય અથવા આંતર યુનિવર્સિટી અથવા અખિલ ભારત શાળા સંઘ દ્વારા યોજાતી સ્પર્ધાઓમાં માત્ર પ્રતિનિધિત્વ કરેલ હોય તેવા ઉમેદવારને પસંદગીમાં અગ્રતા આપવા માટે તેમને મેળવેલ કુલ ગુણના ૫(પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે. આ માટે ઉમેદવારે સરકારે નકકી કરેલ સત્તાધિકારી પાસેથી મેળવેલ જરૂરી પ્રમાણપત્ર આયોગ માંગે ત્યારે રજૂ કરવાનું રહેશે. **<u>૬.(૧૨) ઉમેદવારે Online Form ભરતી વખતે તેઓ અનામત કેટેગરીમાં અરજી કરવા માંગે છે કે બિન અનામત કેટેગરીમાં અરજી કરવા માંગે છે તે સ્પષ્ટ જણાવવું. એક વખત Online અરજી કર્યા બાદ Online Form માં દર્શાવેલ કાસ્ટ/કેટેગરીમાં કોઈપણ જાતનો ફેરફાર કરવા દેવામાં આવશે નહિ. જો કોઈ ઉમેદવાર પાછળથી આ બાબતે રજુઆત કરશે તો, તેની રજુઆત સ્વીકારવામાં આવશે નહિ કે તેનો કોઈ પ્રત્યુત્તર આયોગની કચેરી દ્વારા આપવામાં આવશે નહિ. ઉમેદવારોને આ સૂચના ધ્યાને લઈ તેનું અચૂકપણે પાલન કરવા જણાવવામાં આવે છે.</u>**

૭. <u>પરીક્ષાની રૂપરેખા</u> :- આ પરીક્ષા બે ભાગમાં લેવાશે.<u>ભાગ-I :-</u> ૭.(૧) **પ્રાથમિક કસોટી (Priliminary Test)** : પ્રાથમિક કસોટીનું હેતુલક્ષી પ્રકારનું સામાન્ય જ્ઞાનનું પ્રશ્નપત્ર-૧૦૦ ગુણ અને ૧ કલાકના સમય માટે રહેશે. સામાન્ય જ્ઞાનના પ્રશ્નપત્રનો અભ્યાસક્રમ આ પ્રમાણે રહેશે.૧: સામાન્ય વિજ્ઞાન, ૨: ભારતનું બંધારણ, ૩: તાજેતરના / મહત્વના રાષ્ટ્રીય મુદાઓ / બનાવો, ૪: ગુજરાતની ભૌગોલિક બાબતો તથા કુદરતી સંપતિ, ૫: ગુજરાતની ખેતી અને ઉદ્યોગો ૬: ગુજરાતનો સાંસ્કૃતિક વારસો-સાહિત્ય, કલા, ધર્મ, ૭: સામાન્ય બૌદ્ધિક કસોટી, ૮: ખેલ જગત, ૯: ગુજરાતની રાજનીતિ અને અર્થવ્યવસ્થા, ૧૦: પંચાયતી રાજ, ૧૧: મહાગુજરાત આંદોલન-સ્થાપના અને ત્યારબાદની મહત્વની ઘટનાઓ તથા ૧૨: વિવિધ ક્ષેત્રે દેશમાં મહિલાઓનો ફાળો. ૧૩: મહત્વના આંતરરાષ્ટ્રીય મુદાઓ / બનાવો. આ પરીક્ષાનું સ્થળ **<u>અમદાવાદ, ભાવનગર, ભુજ, જુનાગઢ, મહેસાણા, રાજકોટ, સુરત, વડોદરા, પાટણ, પાલનપુર, હિંમતનગર, સુરેન્દ્રનગર, જામનગર, વલસાડ, ભરૂચ, વ્યારા રહેશે</u>. <u>ઉમેદવારોની સંખ્યા, પરીક્ષા કેન્દ્રની ઉપલબ્ધિ, આયોગની વહીવટી અનુકુળતા વગેરે પરિબળોને ધ્યાનમાં લઈ આયોગ આ ૧૬ કેન્દ્રોમાં વધારો/ઘટાડો કરી શકશે.</u>** <u>ભાગ-II</u> ૭.(૨) **લેખિત મુખ્ય પરીક્ષા** : લેખિત મુખ્ય પરીક્ષાના અભ્યાસક્રમમાં કુલ-૩ પેપર રહેશે. ૧: પેપર-૧, ગુજરાતી ૧૦૦ ગુણ, ૨: પેપર-૨, અંગ્રેજી ૧૦૦ ગુણ, ૩: પેપર-૩, સામાન્ય અભ્યાસ ૧૦૦ ગુણ. પેપર-૧ તથા પેપર-૩નાં પ્રશ્નપત્રનું સ્તર સ્નાતક ઉમેદવાર પાસેથી અપેક્ષિત હોય તે મુજબનું તથા પેપર-૨નું સ્તર ઈન્ટરમીડીયેટ કક્ષાનું રહેશે. લેખિત મુખ્ય પરીક્ષા માટેનું સ્થળ ફકત અમદાવાદ જ રહેશે. પ્રાથમિક કસોટીમાં આયોગ દ્વારા નકકી કરવામાં આવે તે કેટેગરીવાઈઝ લાયકી ધોરણ જેટલા ગુણ ધરાવતા તથા ભરતી નિયમો, ભરતી પરીક્ષા નિયમો તથા જાહેરાતની જોગવાઈ મુજબ શૈક્ષણિક લાયકાત, વય વગેરે સંતોષતા હશે તેવા, જાહેરાતમાં દર્શાવેલ જગ્યાના કેટેગરીવાઈઝ આશરે ત્રણ ગણા ઉમેદવારોને જ લેખિત મુખ્ય પરીક્ષામાં પ્રવેશ આપવામાં આવશે. ૭.(૩) પ્રાથમિક કસોટીમાં પ્રત્યેક ખોટા જવાબના કિસ્સાઓમાં જે તે જવાબના નિશ્ચિત ગુણના એક તૃતીયાંશ ગુણ ઉમેદવારે મેળવેલ ગુણમાંથી કાપવામાં આવશે એટલે કે ખોટા જવાબો માટે નેગેટીવ ગુણની બાબત ઉમેદવારે ધ્યાને રાખવાની રહેશે. ૭.(૪) પ્રાથમિક કસોટીમાં મેળવેલ ગુણ આખરી પસંદગી માટે ધ્યાને લેવામાં આવશે નહિ. આખરી પસંદગી માત્ર મુખ્ય લેખિત પરીક્ષાના આધારે નિયત કરવામાં આવશે. ૭.(૫) જે ઉમેદવારને મુખ્ય લેખિત પરીક્ષામાં પ્રવેશ આપવામાં આવશે તેમને આયોગ દ્વારા મુખ્ય લેખિત પરીક્ષા માટે અલગથી બીજું અરજીપત્રક મોકલવામાં આવશે. જે જરૂરી ફી તથા પ્રમાણપત્રો સાથે ઉમેદવારે આયોગની કચેરીમાં મોકલી આપવાનું રહેશે. પ્રવેશ અંગે આયોગના નિર્ણય સામે કોઈપણ પત્રવ્યવહાર ધ્યાનમાં લેવામાં આવશે નહિ. ઉમેદવાર નાયબ સેકશન અધિકારી કે નાયબ મામલતદાર કે આ બંન્ને જગ્યા માટે ઉમેદવારી કરવા ઈચ્છતા હોય તો પણ તેમણે એક જ અરજી કરવાની રહેશે અને એક જ વખત પરીક્ષા ફી ચુકવવાની રહેશે. ૭.(૬) ગુજરાત સરકારના કર્મચારી આયોગની જાહેરાત સંદર્ભમાં બારોબાર અરજી કરી શકશે. પરંતુ તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ/ખાતા/કચેરીને દિન-૭માં અચૂક કરવાની રહેશે. જો ઉમેદવારના વિભાગ/ખાતા/કચેરી તરફથી અરજી મોકલવાની છેલ્લી તારીખ બાદ ૩૦ દિવસમાં અરજી કરવાની પરવાનગી નહિ આપવાની આયોગને જાણ કરવામાં આવશે તો તેઓની અરજી નામંજૂર કરી ઉમેદવારી રદ કરવામાં આવશે.

૮. <u>નિમણૂક</u> :- ઉપરની જાહેરાતના સંબંધમાં પસંદ થયેલા ઉમેદવારોની નિમણૂક માટે સરકારશ્રીના સંબંધિત વિભાગને આયોગ દ્વારા ભલામણ કરવામાં આવશે. નિમણૂક અંગેની સઘળી કાર્યવાહી સરકારશ્રી દ્વારા કરવામાં આવતી હોવાથી આ અંગેનો કોઈ પત્રવ્યવહાર આયોગ ધ્યાને લેશે નહિ. <u>નોંધ</u> :- (૧) ઉપરોકત વર્ગ-૩ની જગ્યાના ભરતી નિયમો તથા મુખ્ય પરીક્ષાનો અભ્યાસક્રમ,ફી,વય મર્યાદામાં છૂટછાટ, અરજી કયા સંજોગોમાં રદ થવાને પાત્ર છે તેની વિગતો, પરિશિષ્ટ-(ક) નો નમુનો,શારીરિક રીતે અશકત (Disabled)વ્યક્તિઓએ રજુ કરવાના તબીબી પ્રમાણપત્રનો નમુનો,સરકારી કર્મચારીએ રજુ કરવાના ના-વાંધા પ્રમાપત્રનો નમુનો અને જાહેરાતની અન્ય વધુ વિગતો આયોગની કચેરીના નોટીસ બોર્ડ અને આયોગની વેબસાઈટ **www.gpsc.gujarat.gov.in** ઉપર જોઈ લેવાની રહેશે. **આ જાહેરાત સંબંધમાં વધુ માહિતી આયોગની કચેરીમાં, કચેરી સમય દરમ્યાન જરૂર જણાય તો ૦૭૯-૨૫૫૦૭૭૩૭ ઉપરથી મળી શકશે. વધુમાં <u>ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૨૩૩ ૫૫૦૦</u> ઉપરથી પણ માહિતી ઉપલબ્ધ થશે.**

તા.૧૦-૧૦-૨૦૧૧વ